# માણસ સમજે છે એ ભાષામાં તમે વાત કરશો તો તેના દિમાગ સુધી પહોંચશે પણ માણસની માતૃભાષામાં વાત કરશો તો એના દિલ સુધી પહોંચશે... નેલ્સન મંડેલા

## જન્મદિને વધામણી



ભગવતભાઈ શાહ
મો. ૭૬૯૮૭ ૬૬૭૮૦



મિલનકુમાર એન પટેલ
આસીસ્ટન્ટ ટીચર
સરકારી પ્રાથમિક શાળા-૨૮/૨
મો. ૯૭૨૨૩ ૭૭૪૭૮



ઇન્દ્રરાજકુંવરબા હરપાલસિંહ ચાવડા
મો. ૯૭૨૩૫ ૧૩૯૨૬



હિમાનીબેન અમીતકુમાર સોની
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧



હનીકુમાર અમીતકુમાર સોની
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧



રુદ્ર અનિલ પટેલ
મો. ૯૮૨૫૯ ૨૧૫૫૫





સર્વ નેતૃત્વ-૨૩ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તાજેતરમાં સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શિબિરમાં સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃતિઓ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે છે. ૨૦૦૯થી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફટીને લઈને સમગ્ર ભારતમાં એક્ષ્પર્ટ તરીકે સેવા આપતા અમિતભાઈ ખત્રી દ્વારા ટ્રાફિકની સમસ્યાનાં ઉકેલ વિષે, ટ્રાફિકના નિયમો વિષે, વાહન ચલાવતા સમયે કઈ કઈ બાબતોનું દયાન રાખવું જોઈએ અને રોડ એક્સિડન્ટ અટકાવામાં આજના યુવાનો કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેની વિસ્તૃત માહિતી રમુજી અંદાજમાં આપવામાં આવી હતી. સાથે સાથે જાણીતા મોટીવેશન ટ્રેનર અને યોગાચાર્ય જે. સી. પટેલે પણ ઉપસ્થીત રહી શિક્ષણ, સ્વાસ્થ અને સંસ્કાર વાત કરતા વેલેન્ટાઈ દિવસને ધ્યાનમાં રાખતા સાચો પ્રેમ કોને કહેવાય અને કોને નાં કેહવાય એની સમજણ પૂરીપાડી હતી.

શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત "મંથન" —અપંગ કન્યા સેવા સંકુલની મુલાકાત કરાવી હતી, જ્યાં સંસ્થાના સંચાલક નીરૂબેન રાવલ દ્વારા પોલીયોગ્રસ્થ, અંધ, મૂક-બધિર, માનસિક વિશિષ્ટની બહેનો માટે ચાલતી વિવિધ પ્રવૃતિની વિસ્તૃત માહિતી આપી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં ટી.સી.એસ.ના સી.એસ.આર મેનેજર કિશન ગોપાલ અને યોગેશ પટેલ ઉપસ્તિત રહ્યા હતા જેમણે નાની નાની પ્રવૃતિઓ અને સેવાકીય પ્રોજેક્ટ્સ દ્વારા કેવી રીતે સમાજને ઉપયોગી થઈ શકાય અને મોટા ફલક ઉપર કેવી રીતે કામ કરી શકાય તેની વિગતે ચર્ચા કરી હતી. સમારંભનાં અંતે તાલીમાર્થીઓ દ્વારા ૯ પ્રોજેક્ટ્સ રજુ કરવામાં આવ્યા હતા.

સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાય પ્રા.ભાવિન મઠીયા અને પ્રા. વિવેક પટેલ દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થી વોલન્ટીયર તરીકે સુરજ મુંજાણી, મનન પટેલ, કિશન મોદી, વિજેન્દ્ર દેઓરા, તન્મય પટેલ, આરતી પટેલ, બીનલ પટેલ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

મેં સવારને પૂછ્યું
તું રોજ પડે છે
તો તને વાગતું નથી ?
સવારે કહ્યું
વાગે પણ છે
ને હું રડું પણ છું
પણ તમને ક્યાં સમજાય છે ?
તમે તો
મારાં આંસુને
ઝાકળ સમજો છો !

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

– સંપાદક

# 'કલાગુર્જરી'ના ઉપક્રમે 'સરિતા' નાટક રજૂ થયું



ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા શનિવારે એવોર્ડ વિજેતા નાટકના મંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા પોતાના ૧૦મા વર્ષના પાંચમા કાર્યક્રમ તરીકે ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાનું એવોર્ડ વિજેતા નાટક 'સરિતા' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. માનવ ઊર્મિઓ અને લાગણીઓને સ્પર્શતું આ નાટક પ્રેક્ષકોને ખૂબ પસંદ પડ્યું હતું. નાટકની પ્રસ્તુતિ સલીલ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી, જેના લેખક જેના લેખક વિલોપન દેસાઈ, દિગ્દર્શક પંકજ પાઠકજી અને નિર્માતા દક્ષા ઉપાધ્યાય હતાં.



થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા અને તેમને પૉઝીટીવ થિંકિંગ તરફ વાળવા માટે રવિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા કટાર લેખક અને વક્તા જય વસાવડા ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થા દ્વારા નગરના સઘળા વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ ખુલ્લો રાખવામાં આવ્યો હતો એ કારણે વિદ્યાર્થીઓની ઘણી મોટી સંખ્યા હૉલમાં એકત્ર થઈ હતી. વળી જય વસાવડાની ખ્યાતિ મોટી હોવાથી તેને સાંભળવા વિદ્યાર્થીઓની સાથે વાલીઓ અને ભાવકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કારણે હૉલ ખચાખચ ભરાઈ ગયો હતો અને હૉલની બહાર પણ શ્રોતાઓ ઊભા રહ્યા હતા, જેમને પણ વક્તવ્યનો લાભ મળી રહે એ માટે સંસ્થા દ્વારા હૉલની બહાર પણ સ્ક્રિનની વ્યવસ્થા કરવામાં આવી હતી. 'મનમાં વિશ્વાસ મૂઠ્ઠીમાં આકાશ' શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં અતિથિ તરીકે ગુજરાત સ્ટેટ હાયર સૅકન્ડરી ઍજ્યુકેશન બૉર્ડના વાઈસ ચૅરમેન રમેશભાઈ ઠક્કર અને અંતિમધામના વિરલ બાપુ ઉપસ્થિત રહ્યા હતા.

# માની લો તો હાર, મંડ્યા રહે તો જીત




સામાન્ય માનવી પણ સફળ થતાં વેંત અસામાન્ય લાગે. સફળતા એક સંજીવની છે. સફળતાના માપદંડો અલગ અલગ હોઈ શકે. વિશ્વના કેટલાક ગણમાન્ય સંપન્ન અને સફળતમ લોકોના સિદ્ધાંતો અને ખ્યાલોને જાણીએ.

### માર્ક બુઝર્ગ


સોશ્યલ મિડીયા દ્વારા આખી દુનિયાની સંવેદનાની પરિભાષા જેણે બદલી નાખી એવા ફેસબુકના સહ સંસ્થાપક માર્ક ઝુકરબર્ગની કુલ સંપત્તિ ૪૪.૬ બિલીયન યુએસ ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ રૂ. ૩૦૩૯૪૯ કરોડની છે. ઝુકરબર્ગની જ્યારે જ્યારે ટીકા થાય ત્યારે એ બિલકુલ સ્વસ્થતાથી કહે છે કે, પરિસ્થિતિ પ્રમાણે તરત માણસે બદલાવું જોઈએ. ફેસબુકમાં ઘણા બધા બદલાવ એમના પ્રભાવ વગર થતાં રહ્યા છે. માર્ક ઝુકરબર્ગે ફેસબુકના વપરાશકર્તાઓની પ્રતિક્રિયાઓ ઉપર જ ફેસબુકનું સ્વરૂપ રચ્યું છે. ઝુકરબર્ગ ઝડપી બદલાવમાં વિશ્વાસ રાખે છે. બદલાવનો માર્ક ઝડપથી સ્વીકાર પણ કરે છે. કદાચ ફેસબુકમાં આવતા સતત બદલાવનું કારણ ઝુકરબર્ગની નવી બાબતોના સ્વીકાર અને ઝડપથી તેમાં ઢળવાની વિશેષતા હોઈ શકે. બદલાવનો અવરોધ કે બદલાવને દબાવવાની વાત ન હોય બદલાવનો હકારાત્મક સ્વીકાર ઝુકરબર્ગની પાયાની સોચ છે.

### કાર્લોસ સ્લિમ

ગ્રુપો કાર્સોના માલિક કે જેમની સંપત્તિ ૫૦ બિલિયન યુએસ ડોલર છે. એવા કાર્લોસ સ્લિમને આખી દુનિયા 'સંભાળીને ખર્ચ કરનારા બિલીયોનર' તરીકે ઓળખે છે. એ એક સામાન્ય મકાનમાં રહે છે. પોતાની ગાડી માટે શોફર રાખતા નથી. પોતે જ કાર ડ્રાઈવ કરે છે. કાર્લોસ તેની કમાણીના નાણાં પોતાની ઉપર વાપરવા કરતા બિઝનેસના વિકાસ માટે ઉપયોગમાં લેવાનું વધુ પસંદ કરે છે. કાર્લોસ હંમેશા બીજા વ્યકિતઓની મન:સ્થિતિના વિશે વિચારતા રહે છે. બીજાવ્યક્તિના વિચારોનો અભ્યાસ કરતા રહે છે. એ માને છે કે, સંપત્તિ એક બાગ જેવી છે. એને ફરી વાવીને-નિવેશ કરીને વધુ ને વધુ કમાવાનું હોય છે. એમના વિચારો આખી દુનિયાથી અલગ છે. ઓછા ખર્ચા કરીને પણ કાર્લોસ પોતાના બિઝનેસને વધારવાના સપના સાકાર કરતા જાય છે.




કાર્લોસ સ્લિમ



અમાનસિયો અર્ટેગા



વોરેન બફેટ



માર્ક બુઝર્ગ



લેરી એલિસન



બિલ ગેટ્સ



જેફ બેજોરી

### અમાનસિયો આર્ટેગા

ઝારા ઈન્ડિટેક્સના સંસ્થાપક રૂ. ૪,૫૬,૬૦૫ કરોડની માતબર સંપત્તિના માલિક અમાનસિયો પોતાની ઉપલબ્ધિઓથી હંમેશા અસંતુષ્ટ રહે છે. એમનુ જોરદાર સુત્ર છે કે, વિકાસ પામતા રહો અથવા ખતમ થઈ જાવ. હંમેશા નવી ઉંચાઈઓ નક્કી કરવી અને એને હાંસલ કરવી અમાનસિયોને ગમે છે. કોઈપણ ઉપલબ્ધિનો સંતોષ ન કરવો સતત વધુ ને વધુ પ્રયાસ કરવામાં અમાનસિયો માને છે.

### લેરી એલિસન

ઓરેકલ કોર્પોરેશનના સંસ્થાપકો પૈકીના એક એવા લેરી એલિસનની સંપત્તિ ૪૩.૬ બિલિયન યુએસ ડોલર્સ (રૂ. ૨,૯૭,૧૩૪ કરોડ) છે. લોરેન્સે જોખમ ખેડવામાં ક્યારેય પાછી પાની નથી કરી. એ માને છે કે, જીવનમાં સફળતા જોખમ ખેડ્યા વિના મળતી નથી. જે જીવનમાં રિસ્ક લે છે, એ સફળતાના શિખરો સર કરે છે. જોખમ ખેડો અને જીવનમાં બદલાવ લાવો એમ લેરી દ્રઢ પણે માને છે.

### વોરેન બફેટ

બર્ક શાયર હેથવેના સીઈઓ વોરેન બફેટ પાસે ૬૦.૮ બિલિયન યુએસ ડોલર (રૂ. ૪,૧૪,૩૫૨ કરોડ)ની સંપત્તિ છે. બફેટ કહે છે કે, જીવનમાં જીત ત્યારે જ મળે કે, જ્યારે વ્યક્તિ પોતાના ક્ષેત્રનો નિષ્ણાત બને. 'વેલ્યુ ઈન્વેસ્ટિંગ'ના સ્ટ્રેટેજીમાં માનતા બફેટની વિચારધારાને આધુનિક યુગમાં જુના જમાનાની અને સમય ખાઈ જતી ઢીલી ઢાલી નીતિ ગણાવે છે. જોકે બફેટને આ નીતિ એકદમ સચોટ અને સંપૂર્ણ લાગે છે. આજે દુનિયામાં સૌથી સફળ 'વેલ્યુ ઈન્વેસ્ટર' વોરેન બફેટ કહેવાય છે.

### બિલ ગેટ્સ


બિલ ગેટ્સ માઈક્રોસોફ્ટ કંપનીના સહ સંસ્થાપક અને ૭૫ બિલિયન યુએસ ડોલર (રૂ. ૫,૧૧,૧૨૫ કરોડ)ની સંપત્તિના માલિક છે. વિશ્વભરમાં બિલ ગેટ્સ એક એવું નામ છે કે, જેને સફળતાનો પર્યાય માનવામાં આવે છે. બિલ માને છે કે, હંમેશા એક બાબત ઉપર લક્ષ કેન્દ્રીત કરવું જોઈએ જેથી પ્રત્યેક કામ સફળ બને. બિલ ' ટારગેટ સેટર' છે. નિર્ધારીત લક્ષ્યને પાર પાડવા એ સખત પરિશ્રમ કરે છે. લઘ્ય પ્રાપ્તિ માટે બિલ ગેટ્સ હંમેશા નવા નવા માર્ગો શોધી એની ઉપર ચાલતા નથી પણ દોડે છે.

### જેફ બેજોરી

'એમેઝોન ડોટ કોમ કંપનીના માલિક જેફ બેજોરીની સંપત્તિ ૪૫.૨ યુએસ ડોલર (રૂ. ૩,૦૮,૦૩૮ કરોડ)ની છે. જેફ ક્યારેય નિષ્ફળતાથી ડગ્યા નથી અને ઈનોવેશન ઉપરથી એમનું ધ્યાન ક્યારેય ડગ્યું નથી. નિષ્ફળતા પચાવવાની અને એની સામે મુશ્કુરાઈને આગળ વધવાની શક્તિ ધરાવનાર જ જીવનમાં સફળ થઈ શકે છે.

### ધબકાર

લોકો આપણી નિષ્ફળતા વિશે શું વિચારે છે એ પણ આપણે જ વિચારીશું, તો પછી લોકો શું વિચારશે?





રાષ્ટ્રવાદી કોંગ્રેસ-એનસીપીના રાજ્યસભાના સાંસદ તથા ગુજરાત પ્રદેશના પ્રભારી પ્રફુલ્લ પટેલનો તાજેતરમાં જન્મ દિવસ હતો. આ નિમિત્તે એનસીપીના ગાંધીનગર એકમ દ્વારા શહેરની વિવિધ સંસ્થાઓના દિવ્યાંગ બાળકોનું મ્હોં મીઠુ કરાવી નાસ્તા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે એનસીપીના ગાંધીનગર એકમના કાર્યકરોએ જુસ્સાભેર ભાગ લીધો હતો.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારી યાદગાર સ્કૂલ'